લાયક વાતચીત

(સઘળી ઉમરના ભાઈઓને મન ઉપર લેવા જોગ.)

મુંબઈ;

નંબર ૭૭૦ વરતમાંન પ્રેસમાં મનચેરજી હોશંગજી જાગોશ છાપીઓ

કિંમત એક આનો.

વાડીવંતરને લાયક વાતચીત.

(જુદા જુદા ગ્રંથોમાથી વીણી કાહાડેલી.)

...એક ઠેકાણે લીલાંવ થવાનું હતું ...ટે લોકો ઘણા એકઠા થયા હતા; ત્યાંહાં ...ાંવને આરંભ થવાને લગાર વાર હતી, ...ે વાતો થતીયો હતીયો, તે સમયમાં ...કોઇએક ઘરડો હતો તેને તેઓ ...એકે કહ્યું "મોહોટાભાઇ, તમને ...ેછે? હમણાનો કાળ ઘણો કઠણ ...હીં? મને જણાએછે કે આ ...રના કરે કરીને કેટલાએક દાહાડામાં નીરધન થશે. એ ઉપર તમે શું ...ો?"

સાંભળીને ઘરડો કેહેછે "જો તમે, શીખામણ સાંભળશો, તો હું તે થોડામાં કહીશ. કેમકે કહ્યું છે કે,

"શાંણાને ઇશારત અને મુરખને ટાકણી."

તમે કોહોછો જે કર ભારેછે, તે ખરૂં, પણ સરકારે બેસાડેલા છે તેટલાજ કર આપવાના હોત તો ભારે ન હોત; પણ આલસ, મુરખાઈ, માતબરી, એઓના કર તેના કરતા ... ...; વારૂ શારી શીખામણ સાંભળીને ...

"જે પોતાને રાખેછે, તેને પરમેશ્વર રાખેછે."

જો કદાપી સરકારે આપણા ઉપર કર બેસાડયા કે જેણે તેણે પોતાની એક દશાંશ વેળા સરકાર ચાકરીમાં આપવી; તો તે સરકારને આપણે જુલમગાર કહીયે નહીં? અને જુઓ વારૂ, આલસ આપણી વખત ટલી લેછે! નકામો ઉદ્યમ કેટલો! ખ્યાલી ખુશાલી કેટલી!

"નીરદ્યમ, રોગનું ઘર; ને રોગ મૃત્યુનું."

"ઉદ્યમ શરીર તાજું રાખેછે વપરાતી કુંચીની પેઠે." પણ "અનુદ્યોગ શરીર ઘટાડેછે કટાએલા લોઢાની પેઠે."

ઉદ્યોગીને ફલ પ્રાપ્ત થાયછે, નીરદ્યોગીને નહીં, શા માટે કે,

"ઉંઘેલાં સિંહના મોડામાં શીઆલુઆં પોતાની મેળે આવીને પડતાં નથી."

માટે

"કાલ જો અમુલીકછે, તો તેને અકારજ ગમાવવો એ સરખું બીજું દેવાલુ આપણું નહીં."

કેહેવતછે કે,

"ગઈ ઘડી પાછી આવતી નથી."

આપણે વારેવારે કહીએ છીએ કે,

"અવકાશ ઘણોછે, પણ એમ કેહેતા કેહેતાંજ અવકાશ થોડો થતો જાએછે તેની શુદ્ધી રેહેતી નથી."

માટે ઉદ્યમ કરવો, અને જે ઘટારત તેજ કરવો. પછી કરતાં કરતાં અભ્યાસ પડયો એટલે તે સારો લાગશે, અને થોડીવારમાં અધીક કરતાં આવડશે, કહેલુંછે કે,

"ઉદ્યોગે સઘલું સારૂં થાએછે, અને અનુદ્યોગે સઘલું માઠું થાએછે."

"જે મોડો ઉઠેછે તેનું સાંજે કામ બાકી રેહેછે."

"આલશુ લોક વાટે હલવે ચાલેછે પછી તેમને દરીદ્ર મેળવી લેછે."

એ માટે,

"આપણે કામને ઠેલવું, કામથી આપણે ઠેલાવવું નહી."

"વેહેલા સુએ, વેહેલા ઉઠે, તે, જ્ઞાનવાન ધનવાન, અને આરોગ્યવાન થાએ."

એ માટે આગળ સારો સમય ક્યારે આવશે એવી આશા કરતાં બેસવું એ ઘેલાઇછે; ઉદ્યોગ કરયાથી જે સમય છે તેજ સારો સમય કરતાં આવડશે. કહ્યુંછે કે,

"ઉદ્યોગી મનોરથના ભરોસા ઉપર બેસતો નથી" અને "જેનું મનોરથ ઉપર જીવવુંછે, તેનું મરવું ઉપવાસ ઉપર હોયછે."

"ચાકરી કરશે તે ભાખરી પામશે."

"કષ્ટ વીના ફલ નહીં."

"જેને વ્યાપાર છે તેને સંપત્તિ છે."

"જેને ધંધોછે તેને લાભ, આબરૂછે."

પણ,

"વ્યાપાર, ધંધો કરતાં આવડયો તો પુરૂં કરેછે; નહોંતો ગામ મુકાવીને નસાડેછે."

"ઉદ્યોગીને ઉપવાસ નહીં."

"ઉદ્યોગીના ઘરમાં ભુખ પેસતી નથી."

"ઉદ્યોગીના ઘરમાં ઝાટવાલનાં માણસો;

"નાજરનાં માણસો જવા પાંમતાં નથી."

શા માટે કે,

"ઉદ્યોગ દેવું ટાલેછે,

"નીરૂદ્યોગ દેવું વધારેછે."

જેને બાપે કંઈ આપ્યું નથી, અથવા થાપણ મળી નથી, તેને ઉદ્યોગ એ હોટી સીલો છે.

"ઉદ્યોગીને ઈશ્વર સહાય થાએછે."

કહ્યું છે કે,

"તું હલ ફેરવ, એટલે તને દાણા વેચવાને અને ખરચવાને મલશે."

"આજ ગયો નહીં તો કામકર, કાલની અડચણ કોણ જાણે."

"એક કાલ બે કાલના અવેજમાં થાયછે."

"કાલે કરવાનું તે આજ કરી નાંખ."

"તારા ધણીએ તને નકામો દીઠો તો શું તને શરમ લાગશે નહીં? તો હવે પોતાનો પોતે ધણી છતાં પોતાને નકામો જોઇને ચુપ કેમ રહેછે?"

જોઇએતો તારી પાછલ ઘણાં કામછે— તારી જાતનું કામ; તારા કુટુંબનાં કામ; તારી ન્યાતીનાં કામ; તારા ઈષ્ટ મિત્રનાં કામ; રાજનાં કામ; પ્રજાનાં કામ; ગરીબ લોકોનાં કામ—

એ માટે

"સુરજ ઉગતાં ઉઠ અને સામાન તપાસ."

સ્મરણ રાખજે કે,

"બીછોડી ઓઢેલી બીલાડી ઉંદરને પકડતી નથી."

કહીશકે કે હું અશકત છું, અને કામ ઘણું છે; એ ખરૂં પણ નિત્ય અભ્યાસ રાખ, અને ચમતકાર જો.

"નિરંતર ઘસયાથી પથરો પણ

"નિત્ય કાતરીને ઉંદર હોટું દોરડું તો

"નિરંતર ઘા, મોટી છાયાનું ઝાડ

તમારા માંહેલા કોઈ કહેછે જે સ્વસ્થપણું ન જોઇએ શું? અ જોઇએ, પણ કહ્યુંછે કે,

"સ્વસ્થપણું જોઇએ તો વખત સારો

"જ્યાં પલનો ભરોસો નહીં ઘડીકા વ્યર્થ કાઢવી તે સ કારણ થનાર નથી."

સ્વસ્થપણું એટલે વેલા વ્યર્થ નહીં એનું નામ, એ સ્વસ્થપણું, ઉદ્યો પ્રાપ્ત થાએછે, નીરૂદ્યોગીને નહીં; શા કે તેને ન્યાહાલ થયાનું સુખ થતું

"સ્વસ્થપણું ને નવરાસ એ બેઉ જુદ

"સુખનો અનાદર કર એટલે તે પછવાડે લાગશે."

"ઉદ્યોગીના ઘરમાં લક્ષ્મી નાચેછે."

"જેની પાસે પૈસા તેનો સરવ આરજવ કરેછે."

"જેની પાસે પૈસો તેના ઘરમાં સઘલાં સુખ ચાલીને આવેછે."

તમે કહેશો જે પોતે શેઠપણું ભોગવીએ અને બીજા ઉપર કામ નાંખીએ, તો તે કશું થવાનું નહીં; કહ્યુંછે જે,

"આપણનું કામ આપણે પોતે જોવું."

"બીજાના ઉપર ઘણો વીશ્વાસ કરવો નહીં."

"ન જોયાથી જેવો તોટો થશે તેવો કામ ઉપર હાજર રહીને કામ ન સમજીને તોટો થનાર નથી."

"કામ કરનારોની ચોકસાઇ ન કરવી તેજ તેમની આગલ આપણી કોથલી ઉઘાડી કરીને મુકવી."

ત્રીજું; બુદ્ધીને વીષયે સ્થીરતા, એક, નીશ્ચય, ચોકસાઇ, જોઇએ, શા માટે જે કહેલું છે,

નારૂ ઉજાડીને વાવેલું ઝાડ, ને

રવેલું કુટુંબ,

તાં નથી, જેવું સ્થીરતાયે

ન સેવ, દુકાન તને સેવશે."

યડ્યું જોઇએ તો પોતે જા."

તો કોઇને મોકલ."

ઉપર

રના માલા ઉપર."

ની ચાકરના હાથ કરતાં

ઘીકું કામ કરેછે."

ઉપર ઘણો વીશ્વાસ રાખીને

કલ લુટાઇ ગયાછે."

રમાં જે વીશ્વાસ રાખતા નથી

રેછે, પરમારથમાં વીશ્વાસ રાખે

તે તરેછે."

પોતાનું હીતજ કરશે-કહ્યું છે કે,

"જે કરશે તેની વીદ્યા."

તેની લક્ષ્મી."

"ખેતર."

તરવાર."

ઘર."

ધરમ." બીજું.

"જોઇએ ચાહેછે ચાકર તો તું

મેહેનત કર."

નાહના નાહના પ્રકરણમાં ઘણું

લું જોઇએ.

"નાહની ભુલ મોટા બીગાડ કરેછે."

કહ્યું છે કે,

"ખીલાસારૂ નાલ ગયો,

"નાલસારૂ ઘોડા ગયો,

"ઘોડાસારૂ સ્વાર ગયો,

"એટલો અનર્થ ખીલાથી થયો."

આ પાછલો ઉપદેશ ઉદ્યોગ વીશે અને પોતાના કામમાં ચીત દેવા વીશે કહ્યો પણ જો ઉદ્યોગ સુખદાયક જોઇએ તો તેને કારીપણું જોઇએ. તે જો સમજાયું

તે નીશ્ચય નથી

નહી તો જનમ સુધી દલતાંજ બેસવું, છેલે પાસે એક કોડી રેહે નહી એમ થશે, કહ્યું છે કે,

"મોટા ચુલો કોથલાને નાહનો કરેછે."

જો તમે શ્રીમંત થાવાના હો તો મેલવવું અને રાખવું, એ બેઉ જુઓ.

"આયપદ કરતાં જેનો ખરચ મોટો
તેને થશે સદા તોટો."

"બાયડીઓ, દારૂ. જુગાર, અને ઠગાઇ,
એ સંપતીને ઘટાડીને વીપત્તી વધારે
છે,ભાઇ"

"એક વ્યસનને જેટલું ખરચ લાગેછે
તેટલામાં બે છોકરાં ઉછેરતાં આવડશે."

તમે કેહેશો જે થોડો ચાહા, થોડું દુધ, લગાર સારૂં જમન, જરા સારાં લુગડાં, કોઇ દહાડો મંડળીને ઉજાણી આપી હોય તો, તેની ઘણી વીસાત નથી; તો આ વાત સાંભળો કે,

"અનેક નાહાનાનું એક મોટું થાયછે."

વલી,

"નાહના નાહના ખરચ સંભાલ."

"નાહાણું કાણું મોટું વાહાણ બુડાડે."

વલી.

"ઘેલા ઉજાણીઓ કરે છે, શાણા
ખાએછે."

અહીઆં તમે આવ્યાછો, શા માટે જે સામાન સસ્તો વેચાશે તે લેવા માટે; પણ યાદ રાખવું કે,

"જેનું કામ નહી તે અરધી કીમતે
પણ મોઘું."

"જેની ગરજ નહી તે વેચાથું લીધું
તો, થોડા દાહાડામાં જેની ગરજછે
તે વેચવુ પડેછે."

જે લેવાને આપણું સામરથ નથી, તે શોભા સારૂ ભુલથી લઇને ઘણા લોક ફરશા છે, માટે,

" પૈસા નાખી દેઇ સંતાપ, વેચાતો લેશો
નહી."

"આગલ્યાને ઠોકર, પાછલો શાણો."

"શાણા, બીજાની ઠોકરો જોઇને સાવધ

થાએછે, પેલા મોતાની પણ સમજતા નથી."

હીરા, મોતી, શાલ જોડીઓ, કંઠીઓ કડકીયાં, વીટીઓ, રૂપાનાં વાસણ, ઇત્યાદી પદારથ ફકત શોભાના ગાંઠીયા છે; એ વગર કાંઇ અડકું રેહે એવું નથી; એ સારાં દેખાએ છે માટેજ લેવાં. એ બાબત ખરચ વધારીને મોટા મોટા દરીદ્રી થયા, અને જે સંસારમાં આ અવીને ચાલ્યા, અને જેણે પોતાના પરાક્રમથી ચાર પૈસા ગાંઠે કરયા તેની પાસે તે કરજ માગવા લાગ્યા, માટે,

"ઉભા કણબી પહેલાં શ્રીમંત કરતાં મોટા."

કેટલાએક લોક કહેછે તે એમ કેહેછે જે, અમારો બાપ અમારે સારૂ પુષકલ સંપતી મુકી ગયો છે તે કદી ખુટશે નહીં, પણ તે સંપતી બાપે કેટલા શ્રમથી મેલવીછે, કેવી સાચવીને રાખીછે, તેનો તેને અનુભવ નથી માટે તે ખરચવાને તેને અઘરૂં લાગતું નથી, તેને જણાએછે જે,

"સદા દાહાડોજ રેહેશે કદી રાત થવાની નથી."

પુષકલ છે તેમાનું થોડું થોડું ખરચીઉ તો શી ચીંતા છે; પણ યાદ રાખવુ કે,

"ભરેલાં પાણીમાંથી નીત્ય થોડું થોડું લીધું અને પાછું નહી ઉમેરયું તો વાસણ કોરડું પડે."

વાસણ કોરડું પડયું એટલે, પાણીની કીમત સમજાએ છે, તે પેહલાંજ જે સમજવાને માટે તેણે આ વચન ધ્યાન રાખવાં કે,

"પૈસાની કીમત જાણવી હોએ તો તે ઉછીના માગવા જવું."

વલી,

"જે ઉછીના માગવા જાએછે, તે જખ મારવા જાએછે." "જે ઉછીના આપેલા વસુલ કરવાને જાએછે, તેની પણ તેજ દશા."

પણ કરતાં આવ્યા છીએ તેમ ન કરીએ તો માન રેહેશે નહી, એમ કેહેશો તો,

"મોટાઇનો વીચાર કરશો તો પણ કરો."

બીજું

"એક સારૂં શોભાવ
સારાં જોઇએ."

"બીજ વાવ્યુ પછી ઝાડ
"એક સારા વીશે મન માર
અનેકની પીડા કેમ થશે."

એવું છે કે સારા ધોતીજોડા પાઘડી જોઇએ; સારી પાઘડીને ગરઓ જોઇએ; સારા અંગરખે સારી સાલજોડી જોઇએ; સારી ર સારી કંઠી જોઇએ; એ સરવ સારૂં; બાયડી સારી, વાહાન સે સારાં, આગતસ્વાગત સારૂં, નાચ ઉજાણીઓ સારીઓ, સગાં સ પ્રયોજન સારાં, દાન ધરમ તેને સારાં, એવાં એ સરવ સારાં, જોડા થકી ઉત્પન થાએછે. ખરચના તાણમાં પડેછે, પ્રતીષ્ઠા લાભથી ઘણો અનરથ કહ્યું છે

"ગરીબે પ્રતીષ્ઠાસાર
કરવાને જવું નહી.
ફુલીને બલદની
નહી."

વલી કહ્યું છે કે,

"મોટાઈ સંપત્તી સંગા
વીપત્તી સંગાતે જમીં
સાથે સુએછે." "
તેહેવાર કરવો, એ ાનું

એટલું હોઇને બાહેરની ાટાઇ
કામની; જેને સારૂ એટલ કરમાં
તે થકી શરીરને આરોગ ાહીં;
વીશ્રાંતી નહીં; આબરૂને ...ી નહીં;
જાને વીશે મત્સર ઉત્પન કરે છે;
આપણને વીપત્તીમાં નાખેછે

તમે કેહેશો જે આ લીલાવવાળો પૈસા માંગતો નથી, છ મહીનાની આપેછે; તેને આજ આ પાનીની વર લેવાને શી ચીંતા છે, તો જુઓ જે કરીને તમે પોતાની શી દશા કરોછો પોતાનું સ્વતંત્રપણું કરજ આપનારને

ઉપર પૈસા પોંહોંચા
જોઇને લાજ પામશો;
વાને બીહીશો; તમે
ાલા દેખાશો; વાએદા
શો. શા માટે જે,
તે પાછલ ખોટું
છે.''

અસંયતની સ્વારી

ા માનુસે એવી દશાથી
મલાએ પોતાનું સત્ય છો-
ને રો શું કરશે ?
સદાચરણનું ચાલવા દેતી

ઉભી રેહેતી નથી.''
પોતાને બંદીખાનામાં
પરાધીન કરેછે.
આપણે સ્મરણ ભુલીએ
ણુ "સાવકાર લોક ઘણી
દઢ હોએછે.''
ત ઘટેછે, ઉગરાણી
છે.',
ા હાસ; લેનાર આપ-
''
તે બંદીખાનાનો ધીકાર
તરપણું, નીરલોભપણું,
ો અને સંસારી થા.
ના દાહાડા હશે, માટે
, ખરચીઉં તો શી
હ્યુ છે કે,
અને આપત્તી સાર, દ્રવ્ય
તેટલું બચાવ.'' શામાટેજે
ચલેજ ત્યાંહાંજ સુખી રેહે-
તે નીશ્ચય નથી.''

પણ,
"જનમસુધી ખરચ તો થવાનોજ એ
વાતનો તો નીશ્ચય છે.''
કહ્યુ છે કે,
"બે દીવીઓ વેચાતી લેવાને સેહેલ, પણ
"એક દીવા અખંડ બાલવો કઠણ.''
વલી કહ્યુંછે કે,
"જેટલું મેલવાએ તેટલું મેલવ.
"મેલવેલું જેટલું રખાએ તેટલું રાખ
"તને પૈસાદાર કરવા સારૂ એથી બીજો
કીમીયો નથી.''

હવે હું ચાર બીજી પણ સંસારીક વાતો થોડામાં કહુંછું, જે મનમાં દઢ ઉતારીઓ તો તમને [illegible]ની પીડા થનાર નહી.

"ઉદ્યોગ કર.''
"પેદાએશ કરતાં ખરચ ઓછો કર.''
"એક પઇસો બચાવ્યો તે બે પઇસા
મેલવ્યા બરાબર સમજ.''
"એક એક પઇસો કરીને રૂપીઓ થાય
છે, અને એક એક રૂપીએ કરીને
શો રૂપીઆ થાયછે.''
"સંચયને સાર કાંઇ દ્રવ્ય જુદુ કાહાડ.''
"પેદાશ ખરચનો હીશાબ રાખીને
જોતો જા.''
"મોટાઇ માટે બીજાની બરોબરીથી
ખરચ કરીશ નહી. તથા આગલ
થનારા લાભની આશા ઉપર આજ
ખરચીશ નહી.''

એ પ્રમાણે ઘરડાએ ઉપદેશ કરીઓ તે સાંભલીને સરવે ડોકાં ધુણાવ્યાં; એટલામાં ત્યાંહાં લીલાંઉ થવા માંડયું, ત્યારે સરવે ઘરડાની તરપ પુઠ કરીને ઝટાઝટ સામાન લેવા લાગ્યા. તેમાં એક વીવેકી હતો તે માત્ર પાછો હઠયો, અને આ સરવ વાતોનો વીચાર કરીને ચાલવા લાગ્યો, તે સંપત્તી સંતતી, આરોગ્ય ચીત્તની સ્વસ્થતા, એઓને પામીને જનમ સુધી સુખી થયો.